

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

2ND OCTOBER GANDHI Jayanti

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૨૪૪ જૂનાગઢ તા.૦૨-૧૦-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 244, Junagadh : Date : 02 October, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ગરીબ ગુજરાત : નોકરીયાત ગુજરાતીઓનો સરેરાશ પગાર રૂા.૧૫૦૦૦થી પણ ઓછો

### સમૃધ્ધ ગુજરાતની વાતો માત્ર ભ્રમ : ઓછી આવકનાં મામલે સમગ્ર દેશમાં ગુજરાતનો ૧૯મો નંબર



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨

ગુજરાતની ગણના દેશના સમૃદ્ધ રાજયોમાંના એક રાજય તરીકે થાય છે, ગુજરાતમાં ધંધો ફૂલેફાલે છે, તમામને રોજગારી મળે છે, રૂપિયાની રેલમછેલ છે જેવા તમામ દાવાઓ ખોટા પડે તેવો એક સર્વે સામે આવ્યો છે. જેમાં દર્શાવેલી વિગતો મુજબ ગુજરાતના નોકરિયાત વર્ગની દર મહિનાની સરેરાશ આવક માંડ રૂપિયા ૧૩,૨૯૬ થવા જાય છે. દેશમાં નોકરીયાત વર્ગની ઓછી આવકનાં મામલે ગુજરાત આ સર્વેમાં ૧૯મા ક્રમે છે.

દેશની અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા 'સ્ટેટ ઓફ ઈન્ડીયા રિપોર્ટ-૨૦૨૩' મુજબ, દિલ્હીમાં નોકરી કરતા લોકોનો સરેરાશ માસિક પગાર દેશમાં સૌથી વધુ ૨૩,૫૮૦ રૂપિયા છે. જયારે છત્તીસગઢમાં સૌથી ઓછો એટલે કે ૯,૭૧૬ રૂપિયા છે. કોરોના મહામારી બાદ દેશના બેરોજગારી દરમાં ઘટાડો આવ્યો છે પરંતુ ભણેલાગણેલા ડિગ્રીધારી ૧૫ ટકા જેટલા યુવકો હજુપણ બેરોજગાર છે. વર્કફોર્સમાં મહિલાઓની ભૂમિકા પણ ઓછી થઈ છે. લોકો રૂપિયા બચતમાંથી વાપરવાને બદલે ઉધાર લઈને ખર્ચી રહ્યા છે. ભારતીયોને રોજીંદી આવક પર નિર્ભર થવું પડે છે. કારણકે તેમની પાસે પારિવારિક સંપત્તિનો અભાવ છે.

## આજે દેશભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિની ઉજવણી



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨

આજે તા. ૨ ઓકટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૪મી જન્મજયંતી અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૧૧૯મી જન્મજયંતીની ઉજવણી કરી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભાનાં અધ્યક્ષ ઓમ બિરલાએ રાજઘાટ પર બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી. ગાંધી પરિવાર અને અન્ય નેતાઓ પણ આજે રાજઘાટની મુલાકાતે જઈ રહયા છે.

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ છે. આ અવસર પર અનેક દિગ્ગજો તેમને યાદ કરી રહ્યા છે. લાલ બહાદુર શાસ્ત્રીજીને તેમની જયંતિ પર યાદ કરો. તેમની સાદગી, રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને 'જય જવાન, જય કિસાન'નું પ્રતિકાત્મક આહ્વાન આજે પણ યુવા પેઢીઓને પ્રેરણા આપે છે. ભારતની પ્રગતિ માટે તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને પડકારજનક સમયમાં તેમનું નેતૃત્વ અનુકરણીય છે. આપણે હંમેશા મજબૂત ભારત માટે તેમના વિઝનને સાકાર કરવા માટે કામ કરીએ.

## સામાન્ય વિમા પ્રિમિયમમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો આવશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨

પુનઃવીમાના ખર્ચમાં અપેક્ષિત વધારાના પગલે વીમા કંપનીઓ દ્વારા આગામી મહિનાઓમાં જોખમ વ્યવસ્થાપનના ભાગરૂપે સામાન્ય વીમા પ્રિમિયમમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થવાની ધારણા વ્યક્ત થઈ છે. પુનઃવીમા ખર્ચ અને ફુગાવાએ સામાન્ય વીમા કંપનીઓના ખર્ચમાં વધારો કર્યો છે તેના પગલે આ વધારો આવી શકે છે.ભારતીય સામાન્ય વીમા બજારમાં આગામી સમયમાં પ્રિમિયમ મુદ્દે વધુ સખત બની શકે છે. કારણકે પુનઃવીમાના ભાવ મોંઘા બને તેમ છે. ભારતમાં સ્વાસ્થ્ય અને મોટરકાર એ બે મુખ્ય વીમા સેગમેન્ટ સાથે ૨૦૨૪ના પ્રથમ પાંચ મહિનામાં નોન લાઈફ જનરલ ઈન્સ્યોરન્સ રૂ.૧.૦૨ લાખ કરોડના પ્રિમિયમનું બની જશે તેમ જાહેર ક્ષેત્રની કંપની જીઆઈસી-રીના ચેરમેન અને એમડી દેવેશ શ્રીવાસ્તવે જણાવ્યું છે.

તેમણે કહ્યું કે અમે પ્રિમિયમની કિંમત વધુ ટેકનિકલ રીતે સક્ષમ બને તે માટે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. રિસ્ટ્રક્ચરિંગ બિઝનેસ પોર્ટફોલિયો અને કોન્ટ્રાક્ટ સ્તરે કિંમત નક્કી કરતા પરિબળોના આધારે ચાલી રહ્યું છે. મિલકત અને ખેતી એ બે ક્ષેત્ર આગામી પુનઃગઠનમાં મુખ્ય રહેશે. આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રિમિયમના રેટમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે. તેના કારણે ઘણા ફેરફારો તોળાઈ રહ્યા છે. ફુગાવો વધવાના કારણે સમગ્રતયા તેની અસર પ્રિમિયની કિંમતો પર પડી છે.

## મુંબઈનાં લાલબાગ ચા રાજાને રૂા. ૫.૧૬ કરોડનું દાન મળ્યું

મુંબઈ,તા. ૨ : લાલબાગના બોર્ડ દ્વારા 'લાલબાગચા રાજા'ના ચરણોમાં કરવામાં આવેલા દાનની ગણતરી કરવામાં આવી રહી છે, જેમાં લાલબાગના રાજાના ચરણોમાં કુલ રોકડ રકમ કરોડોની રેન્જમાં હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ૧૦ દિવસના ગણેશોત્સવ દરમિયાન કુલ પાંચ કરોડ સોળ લાખ રૂપિયા (૫,૧૬,૦૦,૦૦૦)નું રોકડ દાન લાલબાગના રાજાના ચરણોમાં કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. લાલબાગના રાજાના ચરણોમાં સાડા ત્રણ કિલો સોનું અને ચોસઠ કિલો ચાંદીનું પણ દાન કરવામાં આવ્યું છે.

લાલબાગના રાજાના ચરણોમાં ભક્તો દ્વારા દર વર્ષે અઢળક દાન કરવામાં આવે છે. ભક્તો દ્વારા કરવામાં આવતું આ દાન બોર્ડ દ્વારા ગણવામાં આવે છે. લાલબાગચા રાજાના ચરણોમાં દાન સ્વરૂપે મળેલા સોના-ચાંદીની હરાજી કરવામાં આવે છે. તેમાંથી એકત્ર થયેલી રકમ થકી વિવિધ સામાજિક કાર્યો કરવામાં આવે છે. દર વર્ષે ભક્તો દ્વારા રાજાના ચરણોમાં કરોડો રૂપિયાનું દાન કરવામાં આવે છે.

ગણેશ ચતુર્થીના એક દિવસ પહેલાથી જ ભક્તો લાલબાગના રાજાના દર્શન કરવા લાઈનોમાં ઊભા રહેવા લાગ્યા હતા. આ વર્ષે પણ રોકડ, સોનું અને ચાંદીનું વિપુલ પ્રમાણમાં દાન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે જ ભક્તોએ આપેલા દાનમાં ૪૨ લાખ રૂપિયાની રોકડ રકમ નોંધાઈ હતી, જયારે ૧૯૮.૫૫૦ ગ્રામ સોનું અને ૫૪૪૦ ગ્રામ ચાંદી રાજાના ચરણોમાં અર્પણ કરવામાં આવી હતી. બીજા દિવસે લાલબાગના રાજાના ચરણોમાં ૬૦,૬૨,૦૦૦ રોકડનું દાન નોંધાયું છે. બીજા દિવસે ભક્તો દ્વારા રાજાને ૧૮૩,૪૮૦ ગ્રામ સોનું દાન કરવામાં આવ્યું હતું. તેમ જ ૬,૨૨૨ ગ્રામ ચાંદીનું દાન નોંધાયું હતું.

એક અંદાજ મુજબ પહેલાં જ દિવસે ૨૦ લાખથી વધુ ભક્તોએ લાલબાગના રાજાના દર્શન કર્યા હતા. બોલિવૂડના અનેક કલાકારો, રાજકીય નેતાઓની સાથે સામાન્ય નાગરિકોએ લાલબાગના રાજાના દર્શન કર્યા હતા.

## કાલાવડ નજીક કાર-ટ્રેકટર વચ્ચે ટક્કર થતાં મુસ્લીમ ધર્મગુરૂ સહિત ત્રણનાં કરૂણ મોત

જામનગર, તા. ૨

રાજયમાં વધતા જતા અકસ્માતની વણઝાર વચ્ચે ગત રાત્રે જામનગર પંથકમાં અકસ્માતની મોટી ગોજારી ઘટના સામે આવી હતી.જેમાં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના માટલી ગામ નજીક ઈકો કાર અને ટ્રેકટર ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ હૈયું હચમચાવી નાખે તેવા અકસ્માતમાં એકી સાથે ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી મચી ગઈ હતી.

બીજી બાજુ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે તાત્કાલિક જામનગર અને કાલાવડ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો તાબડતોબ બનાવ સાથે દોડી ગયો હતો.

આ અકસ્માતમાં જાણીતા ધર્મગુરૂનો ઈન્તેકાલ થતા મુસ્લિમ સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી થઈ છે. મસીતિયા ગામના એક સાથે ત્રણ વ્યક્તિના મોતથી ગામમા શોકની કાલીમાં છવાઈ છે.

## ભારતમાં પાક. ક્રિકેટ ટીમનું ભવ્ય સ્વાગત કરાયું : હૈદ્રાબાદી બિરીયાનીએ ખેલાડીઓનું દીલ જીતી લીધું !!

હૈદરાબાદ,તા.૨ : સાત વર્ષ બાદ વર્લ્ડકપ રમવા ભારત આવેલી પાકિસ્તાની ક્રિકેટ ટીમ ભારતની મહેમાનગતિથી ખુશ છે. હૈદરાબાદમાં ફલાઈટના લેન્ડીંગ સાથે બાબર સેનાને જબરદસ્ત પ્રેમ મળી રહ્યો છે. એરપોર્ટ અને હોટલની બહાર પાક. ટીમનાં ભવ્ય સ્વાગતથી માત્ર ખેલાડીઓ જ ખુશ નથી, પરંતુ ભારતીય ભોજને પણ પાકિસ્તાની ટીમનું દિલ પણ જીતી લીધું છે. ખેલાડીઓ સોશિયલ મીડિયા પર 'નવાબના શહેર'માં આપવામાં આવતી આતિથ્યની પ્રશંસા કરી રહ્યા છે. આ સંબંધમાં ટીમના વાઈસ કેપ્ટન અને ઓલરાઉન્ડર શાદાબ ખાને એક રસપ્રદ નિવેદન આપ્યું છે.

શાદાબ ખાને પાકિસ્તાની ટીમની પ્રથમ મીડિયા કોન્ફરન્સમાં પત્રકારોને કહ્યું, 'એરપોર્ટ પર સ્વાગત અદ્ભુત હતું અને ટીમ હોટલમાં પણ ઘણા લોકો આવ્યા હતા. અમને અહીં ઉત્તમ સેવા મળી રહી છે. ખોરાક સ્વાદિષ્ટ છે અને (હસતા) અમારા સપોર્ટ સ્ટાફ (બધા દક્ષિણ આફ્રિકનો) ચિંતિત છે કે અમે જાડા થઈ ન જઈએ. અમને આશા છે કે અમને અમદાવાદમાં પણ આવો જ પ્રેમ મળશે, જયાં અમે ટીમ ઈન્ડીયા સામે રમીશું.

પાકિસ્તાનના સ્ટાર ઓલરાઉન્ડરે પણ મીડિયા કોન્ફરન્સ દરમિયાન બોલિવૂડનો સ્પર્શ ઉમેર્યો હતો. હૈદરાબાદમાં ટીમની પ્રથમ સત્તાવાર મીડિયા કોન્ફરન્સ દરમિયાન, શાદાબ ખાન રૂમમાં હાજર પોલીસ અધિકારીના વખાણ કરવાથી પોતાને રોકી શક્યો નહીં. પ્રસિદ્ધ હિન્દી ફિલ્મ સિંઘમમાંની ડર પોલીસ ઓફિસર બાજીરાવ સિંઘમના પાત્રને યાદ કરતાં તેમણે કહ્યું, 'સિંઘમ અહીં પણ આવી ગયો છે.' આટલું બોલતાં જ આખો હોલ હાસ્યથી ગુંજી ઉઠ્યો હતો.

પાકિસ્તાનના વાઈસ કેપ્ટને પણ ટીમ ઈન્ડિયાના કેપ્ટન અને વિસ્ફોટક ઓપનર રોહિત શર્માના વખાણ કર્યા હતા. વાતચીત દરમિયાન, લેગ સ્પિનરે સ્વીકાર્યું કે જયારે હિટમેન તેમની લયમાં હોય છે ત્યારે તેમને રોકવા ખરેખર મુશ્કેલ હોય છે. એકવાર પ્રતિસ્પર્ધી તેને ક્રિઝ પર થોડો સમય પસાર કરવા દે છે, રોહિત શર્મા અણનમ અને ખતરનાક બની જાય છે. તેણે સ્પીનરોમાં કુલદીપ યાદવનું નામ લેવાનું પણ ચૂક્યું નહીં અને કહ્યું કે આ લેફટ આર્મ રિસ્ટ સ્પિનર હૈં વર્લ્ડ કપ ૨૦૨૩ પહેલા સૌથી ખતરનાક બોલર છે.

## લશ્કરે તોયબાનાં વડા હાફીઝ સઈદનાં પુત્ર અને ખાસ સાથીને ગોળીઓથી વિંધી નખાયા

ઈસ્લામાબાદ: ભારત માટેના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી લશ્કર-એ-તોયબાના વડા હાફિસ સઈદના પુત્રના અપહરણ અને હત્યાની ઘટનાના અહેવાલ ખૂબજ ચગી રહ્યા છે ત્યાં જ આ ત્રાસવાદી વડાના ખાસ ગણાતા અને સંગઠનના નંબર ટુ મુફ્તિ કૌસર ફારૂકની પણ અજાણ્યા બંદુક ધારીઓએ હત્યા કરતા સઈદને બે દિવસમાં આ બીજો આંચકો લાગ્યો છે. કરાચીમાં ઈદી સેન્ટર ક્ષેત્રમાં ગુલશન એ ઉમર મદરેસા પાસે આ હત્યા થઈ હતી અને મુફિત કૌસર ફારૂકને ગોળીઓથી ભુંજી નખાયો હતો તેની આ હત્યાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. જો કે પાક પોલીસે આ અંગે મૌન ધારણ કરી લીધુ છે. આ હત્યાને લશ્કરે તોયબામાં આંતરિક વર્ચસ્વની લડાઈ પણ ગણવામાં આવે છે. હાફિસ સઈદે તેના જમણા હાથ જેવા કૌસર ફારૂકને નંબર ટુ બનાવતા આંતરિક વિરોધ સર્જાયા છે. લશ્કરે તોયબા એ પાકનું સૌથી ધનવાન ત્રાસવાદી સંગઠન ગણાય છે અને સાઉદી અરેબીયા સહિતના દેશોના ધનપતિઓ આ સંગઠનને જબરુ ફંડ અપાય છે




ખોડલધામ ટુર
સ્લીપર કોચ
તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ






વોકહાર્ટ ઈમરજન્સી શા માટે ?
કારણ કે ઈમરજન્સી માં બધું હોવુ જરુરી છે

- ઈમરજન્સી ફિઝિશિયન સાથે બધા અંગોના સુપરસ્પેશિયાલિસ્ટ્સ ડોકટર્સની 24/7 હાજરી
- દવાઓ માટે બહાર જવાની જરુર નથી તેમજ એક છત્ર હેઠળ લેબોરેટરી સેવાઓ
- તમામ વીમા કંપનીઓ સાથે જોડાણ
- દર્દીના બેડ પર રિપોર્ટ્સ જેમ કે સોનોગ્રાફી, ઇકો, એકસરે વગેરે

વધુ માહિતી માટે
95861 44344
WOCKHARDT HOSPITALS LIFE WINS



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪





નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં

- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શું આપ એક દિવી -બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....
જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...
આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે
વહેલા તે પહેલાનાં ધોરણે
તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?
બુકીંગ ચાલુ છે
સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧
જૂનાગઢ


CMYK CMYK CMYK

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિશ્વકર્મા યોજના અંતર્ગત ભારનાં ૧૮ પારંપરિક વ્યવસાયોને મળશે નવું જીવન

એક સમય હતો જ્યારે માટીથી બનેલ અનેક ચીજો માટે લોકો કુંભારો પર નિર્ભર હતા. ધીમે ધીમે માટીનાં વાસણોની જગ્યાએ સ્ટીલ અને પ્લાસ્ટીકનાં વાસણોએ લઈ લીધી. કુંભારોના જે પરિવારોને ગામમાં જ રોજગાર મળ્યો હતો, તેમનાં બાળકો આજીવિકા માટે શહેર પલાયન કરી ગયા. આ જ હાલ સુથાર, લુહાર વગેરેના થયા. ૨૧મી સદી ભલે પ્રગતિની નવી ચમક લઈને આવી હોય, પરંતુ દેશની આત્મનિર્ભરતાની ધરી રહેલ શિલ્પકારો અને કારીગરોને તેનો દંશ વેઠવો પડ્યો. ભારતીય અર્થવ્યવસ્થાનો આધાર રહેલા આ વર્ગની વડાપ્રધાન મોદીએ નોંધ લીધી. સ્વતંત્રતા દિવસ પર પોતાના ભાષણમાં તેમણે વિશ્વકર્મા યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાતના ૪૮ કલાકની અંદર કેન્દ્રીય કેબિનેટે યોજનને મંજૂરી આપી દીધી. ૧૭ સપ્ટેમ્બરે વિશ્વકર્મા જયંતી પ્રસંગે પીએમના હાથે શુભારંભ સાથે આ યોજના અમલના સ્તર પર આવી ગઈ.

પીએમ વિશ્વકર્મા યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી ભારતના ૧૮ પારંપરિક વ્યવસાયોને નવું જીવન આપવામાં આવશે. તેમાં કુંભાર, સુથાર, લુહાર, સોની, દરજી, મોચી, નાઈ, મૂર્તિકાર વગેરે સાથે નાવ બનાવનારા કારીગરો પણ સામેલ છે. આ એ ઉદ્યમ છે જે એક વિશેષ પ્રકારના હુનર અને ભારતીય જ્ઞાન પરંપરા પર આધારિત રહે છે. સદીઓથી આ કારીગરી પેઢી દર પેઢી હસ્તાંતરિત થતી રહી છે. વિશ્વકર્મા યોજના અંતર્ગત ૩૦ લાખ પરિવારોને આર્થિક સહાયતા પ્રદાન કરવામાં આવશે. તેના માટે ૧૩ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પ્રત્યેક પરિવારથી એક વ્યક્તિને આર્થિક સહાયતા મળશે. નાગરિક સેવા કેન્દ્રો દ્વારા કારીગરો અને શિલ્પકારોનું રજીસ્ટ્રેશન થશે. તેમને પીએમ વિશ્વકર્મા પ્રમાણપત્ર અને એક ઓળખપત્ર આપવામાં આવશે. પીએમ વિશ્વકર્મા યોજનાના ત્રણ મુખ્ય પાસાં છે. પહેલું, આર્થિક સહયોગ. બીજું, કૌશલ અને દક્ષતા સંવર્ધન તથા ત્રીજું વેચાણ વ્યવસ્થા. આ યોજના અંતર્ગત પહેલા હપ્તામાં એક લાખ રૂપિયાની લોન આપવામાં આવશે, જેને ૧૮ મહિનાની અંદર ચૂકવવી પડશે. જો આ લોન ચૂકવી દેવામાં આવી તો બીજા હપ્તામાં બે લાખ રૂપિયાની લોન આપવામાં આવશે તેને ૩૦ હપ્તામાં ચૂકવવાની રહેશે. પારંપરિક સ્વરોજગારવાળા માટે જરૂરી ઉપકરણ, ઉત્પાદનોની સારસંભાળ, કાચા માલની ઉપલબ્ધતા અને ડિજિટલ ચૂકવણીની અછત મોટું સંકટ રહી છે. વિશ્વકર્મા યોજનાથી મળનારા આર્થિક પ્રોત્સાહનથી એવા લોકો પોતાના વ્યવસાયને સંસ્થાગત રૂપ આપી શકશે. યોજનાના હિતગ્રાહીઓની ઓળખ ગ્રામપંચાયત, જિલ્લા અને રાજ્ય સ્તર પર થશે. પ્રશિક્ષણ અવધિમાં લોકો ૫૦૦ રૂપિયા પ્રતિદિન માનદેયના હક્કદાર રહેશે. પ્રશિક્ષણ દરમ્યાન તેમને ૧૫ હજાર રૂપિયા સુધીના આધુનિક ઉપકરણો આપવામાં આવશે. પ્રશિક્ષણ દરમ્યાન ૧૨ અલગ-અલગ ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવનારી ટૂલકિટમાં આધુનિક ટેકનોલોજી અને બજારની જાણકારી મળશે.

શિલ્પકારો અને કારીગરો ઘટવાનું મોટું કારણ તેમના ઉત્પાદનોની કમજોર વેચાણ વ્યવસ્થા રહી. વિશ્વકર્મા યોજના કારીગરો એ શિલ્પકારો માટે ટકાઉ બજાર અને વેચાણ તંત્ર ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકે છે. હુનર હાટ, હસ્તશિલ્પ અને ઉપહાર મેળાઓ સાથે એક જિલ્લો-એક ઉત્પાદ યોજના પણ તેના ઉત્પાદનોને નવું જીવન આપશે. જો તેમને ઓપન નેટવર્ક ડેવલપમેન્ટ કોર્પોરેશન જેવા દેશી ઈ-કોમર્સ મંચ પર જગ્યા મળે છે તો તે બજારની પ્રતિસ્પર્ધામાં પણ ઊભા રહી શકશે. સૂ-મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતી ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ યોજનાથી સ્થાનિક ઉત્પાદનોની સંબદ્ઘતા આ કારીગરોના ઉત્પાદનોની ગુણવત્તા પણ વધારશે, જેના સમગ્ર લાભ જોવા મળશે.

થોડાં વર્ષ પહેલાં ઉત્તર પ્રદેશની યોગી સરકાર દ્વારા શરૂ વિશ્વકર્મા શ્રમ સન્માન યોજનાથી ૧.૪૦ લાખ શિલ્પીઓને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશ સરકાર ચામડા ઉદ્યોગ સાથે જોડાયેલા કારીગરો માટે નેશનલ ફૂટવેર ડિઝાઈનિંગ ઈન્સ્ટટ્યૂટ સાથે ભાગીદારી કરવા જઈ રહી છે. કેન્દ્ર સરકાર પીએમ વિશ્વ કર્મા યોજનાના માધ્યમથી વિનિર્માણ ગતિવિધિઓ સાથે સંબંધિત એક મોટા વર્ગને એમએસએમઈ સાથે જોડવા માંગે છે. દેશના પારંપરિક ઉદ્યોગોને પ્રોત્સાહનની સીધી અસર ઘરેલુ વિનિર્માણ પર પડશે. સ્થાનિક સ્વરોજગાર ખતમ થવાનો

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

વાસના જ પુનર્જન્મનું કારણ છે.

- પ. પુ ડોંગરેજી મહારાજ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૩ ચોથનો ક્ષય છે, ચોથનું શ્રાધ્ધ, સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૮:૪૬ ક.), ગાંધી જયંતિ તા.૨ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૬, ભરણી નક્ષત્ર, હર્ષણ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), રાત્રે ૧૨:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

-કમલેશચંદ્ર સી. વ્યાસ

# ગુજરાત વનવિભાગ દ્વારા કોનોકાર્પસ વૃક્ષ પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર જાહેર કરાયો



## કોનોકાર્પસના મૂળ જમીનમાં ઊંડા જવાથી પાઈપલાઈન અને કેબલને નુકસાન કરે છે

અમદાવાદ,તા.૨

કોનોકાર્પસ વૃક્ષ અંગે ગુજરાત વનવિભાગ દ્વારા પ્રતિબંધ મૂકતો પરિપત્ર જાહેર કરાયો છે. આ વિશે એએમસીના ગાર્ડન વિભાગના ડાયરેક્ટર જિગ્નેશ પટેલે જણાવ્યું કે, અમને પરિપત્ર મળ્યો એ બાદ અમે અમારી નર્સરીમાં હવે આનો ઉછેર નહીં કરીએ. amc દ્વારા નવા વૃક્ષારોપણ હેઠળ હવે આ છોડ રોપવામાં નહીં આવે. જ્યાં આ છોડ છે ત્યાં ૫-૬ ફૂટથી ઉપરના છોડનું ટ્રિમિંગ કરવાનું શરૂ કરી દેવાઈ છે. રહેણાંક વિસ્તારોમાં પણ અમારી વિનંતી છે આ છોડનું નિયમિત કટિંગ કરતા રહેવું. વર્ષ ૨૦૧૫ બાદ amc દ્વારા શહેર આ છોડ લગાવવામાં આવ્યા છે, અંદાજે ૧ લાખ કરતા વધુ છોડ વાવવામાં આવ્યા છે. કોનોકાર્પસના મૂળ જમીનમાં ઊંડા જવાથી પાઈપલાઈન અને કેબલને નુકસાન કરે છે. તેમણે વધુમાં કહ્યું કે, મૂળ ઊંડે સુધી વધવાને કારણે જમીન નીચેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જોખમી છે. વનસ્પતિનો મૂળ ગુણ ઊંડે સુધી મૂળને સ્થાપિત કરવાનો છે. કોનોકાર્પસ અંગે નિયમન અને નિયંત્રણ ખૂબ જરૂરી છે. પુષ્પમાં ઉત્પન્ન થતી પરાગરજ શ્વાસમાં જતા નુકસાન કરતા હોય છે. આ સિવાયના પણ ઘણા વૃક્ષની પરાગરજ નુક્સાન કરતા હોય છે. ભૂગર્ભજળને ઊંચા લાવવાની ક્ષમતા કોનાકાર્પસમાં રહેલી છે. ઘણીવાર ખરાશને વધતી અટકાવવા માટે પણ કોનોકાર્પસ ઉપયોગી સાબિત થતી હોય છે. ઉલ્લેખનીય છે કે વન વિસ્તાર અને વન વિભાગની નર્સરીઓમાં કોનોકાર્પસના રોપાના ઉછેર અને તેના વાવેતર કરવા પર પ્રતિબંધ મુકાયો છે. વન વિભાગની નર્સરીઓમાં અને વન વિભાગના વિસ્તારમાં નુકશાનકારક કોનોકાર્પસના રોપા ઉછેર ન કરવા વન વિભાગ દ્વારા આદેશ કરાયો છે. સમગ્ર ગુજરાતમાં ખાનગી ધોરણે પણ કોનોકાર્પસના વાવેતર ઉછેર પર પણ પ્રતિબંધ લગાવવા માટે પણ વન વિભાગે દરખાસ્ત તૈયાર કરી છે. મોટા ભાગે લીલાછમ, સુંદર અને આકર્ષક 'કોનોકૉર્પસ' વૃક્ષ રસ્તાની વચ્ચે ડિવાઈડર પર જોવા મળે છે. ઘણા દેશોએ શહેરોમાં હરિયાળી વધારવા માટે આ વૃક્ષોને અપનાવ્યાં છે. આ વૃક્ષ શંકુ આકારમાં વધે છે. જેના લીધે ભારતના વનસ્પતિ વિશેષજ્ઞો તેને અહીં લાવ્યા. અહીં મૂળ સ્વરૂપે પાલિકાઓ દ્વારા શહેરી વિસ્તારમાં તેને રોપવામાં આવે છે. આ વૃક્ષનો મોટામાં મોટો ગુણધર્મ છે હરિયાળી. તેનાથી જગ્યા લીલીછમ દેખાય છે. અનેક દેશોમાં મોટી સંખ્યામાં આ વૃક્ષ ઉગાડવામાં આવે છે કારણ કે તે હરિયાળીની સાથેસાથે જળવાયુ નિયંત્રિત કરવામાં પણ મદદરૂપ થાય છે અને રણના વાતાવરણમાં ધૂળ, ગંદકી અને હવામાંથી ઉડતી રેતીને રોકે છે.

### જળ સંરક્ષણના પાઠ શીખવવામાં આવશે

# બુંદેલખંડમાં દેશની પહેલી વોટર યુનિવર્સિટી બનશે

**યુનિવર્સિટીમાં પાણીની અછતથી ઉત્પન્ન થતી સમસ્યા માટે પ્રાચીન તેમજ આધુનિક ટેકનીકની મદદથી સમાધાન શોધવામાં આવશે**

બુંદેલખંડ, તા.૨

યુપીના બુંદેલખંડને દેશની પહેલી વોટર યુનિવર્સીટીની ભેટ મળવા જઈ રહી છે. આ વિસ્તારના હમીરપુર જીલ્લામાં ૨૫ એકર જમીન વિસ્તારમાં દુનિયાની પહેલી વોટર યુનિવર્સીટી બનવા જઈ રહી છે. જેમાં દેશ અને દુનિયાના લોકો અહીં જળ સંરક્ષણના પાઠ શીખવા માટે આવશે. આ યુનિવર્સીટીમાં વિદ્યાર્થી અને રિસર્ચર પાણીની અછતથી ઉત્પન્ન થતી સમસ્યાઓ માટે પ્રાચીન તેમજ આધુનિક ટેકનીકની મદદથી સમાધાન શોધવામાં આવશે. અહીં, યુજીસીના ધોરણો અનુસાર અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવશે, જેમાં સંરક્ષણ અને જળ સંકટનો અભ્યાસક્રમો તરીકે સમાવેશ કરવામાં આવશે.

આ વોટર યુનિવર્સીટીની પહેલ હમીરપુર જીલ્લામાં રહેનાર અને સ્વીડનમાં પર્યવરણ વૈજ્ઞાનિક પ્રો. રવિકાંત પાઠક અને પદ્મશ્રીથી સન્માનિત જળયોદ્ધા ઉમાશંકર પાંડે દ્વારા કરવામાં આવી હતી. ભવિષ્યમાં પાણીની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને આ પ્રસ્તાવને પૂર્વ જીલ્લાધિકારી ડો. ચંદ્રભૂષણ દ્વારા ઉચ્ચ શિક્ષા વિભાગને આ મોકલવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રો. પાઠકે આ યુનિવર્સીટી માટે ૨૫ એકાદ જમીનદાનમાં આપી હતી.

પ્રો. આર. કે. પાઠક હમીરપુર જીલ્લાના રિરુઈ પર ગામના નિવાસી યુનિવર્સીટી ઓફ ગોવેનવર્ગ (સ્વીડન)માં પર્યાવરણ વિભાગના વૈજ્ઞાનિક છે. આ પ્રથમ યુનિવર્સિટી હશે, જ્યાં વિદ્યાર્થીઓ અને સંશોધકોને પ્રાચીન અને આધુનિક ટેક્નોલોજી દ્વારા પાણીની તંગીથી ઊભી થતી સમસ્યાઓનો ઉકેલ મેળવશે.

આ યુનિવર્સીટીમાં યુજીસીના ધોરણો મુજબ અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવશે, જેમાં સંરક્ષણ અને જળ સંકટને કોર્સમાં ઉમેરવામાં આવશે. આ ઉપરાંત ૫ કોર્સ ચલાવવામાં આવશે. જેમાં હાઈડ્રોલૉજી, વોટર એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, વોટર મેનેજમેન્ટ, વોટર એન્ડ હ્યુમેનિટીઝ અને વોટર એન્ડ સ્પેસ હશે. પદ્મશ્રી ઉમાશંકર પાંડેએ જણાવ્યું હતું કે માત્ર બુંદેલખંડમાં જ નહિ પરંતુ ધીમે ધીમે પૂરી દુનિયામાં પાણીની સમસ્યા વધતી જશે. જેથી જળ સંરક્ષણ શીખવું અને તેનું સમાધાન શોધવું જરૂરી છે. જેથી દુનિયાની પ્રથમ વોટર યુનિવર્સીટીની પહેલ કરવામાં આવી છે. શાસનની મંજુરી મળતા જ આ યુનિવર્સીટી ખોલવામાં આવશે.

## વડાપ્રધાને આપી ૧૩,૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટની ભેટ

મહબૂબનગર, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેલંગાણાના મહબૂબનગર જિલ્લામાં અંદાજે ૧૩,૫૦૦ કરોડ રૂપિયાના જુદા-જુદા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યું કે, ૨૦૧૪માં ન્યૂ કનેક્શનની સંખ્યા ૧૪ કરોડ આસપાસ હતી, જે હવે વધીને ૩૨ કરોડથી વધારે થઈ છે. તાજેતરમાં અમે ગેસ સિલિન્ડરના ભાવમાં પણ ઘટાડો કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે તેલંગાણામાં ઘણી મહત્વપૂર્ણ પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જેના કારણે તહેવારની રંગત વધુ ખીલી છે. મેં આજે ઘણા રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કર્યો છે, જે અહીંના લોકોના જીવનમાં મોટા ફેરફારો લાવશે. તે પ્રોજેક્ટથી મહારાષ્ટ્ર સહિત અન્ય ઘણા રાજ્યોમાં લોકોની અવરજવર સરળ બનશે. વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હૈદરાબાદ-રાયચુર-હૈદરાબાદ રેલ સેવાને પણ લીલી ઝંડી બતાવી હતી. શનિવારે પીએમ મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેલંગાણાની સત્તારૂઢ મ્ઈજી સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે લખ્યું હતું કે, તેલંગાણાના લોકો નબળા શાસનથી કંટાળી ગયા છે. લોકોને હવે કોંગ્રેસમાંથી પણ વિશ્વાસ ઉઠી ગયો છે. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે બંને વંશવાદી પક્ષો છે, જેનો ઉદ્દેશ્ય જનતાની સેવા કરવાનો નથી.

## શ્રાદ્ધ -સરિતા

જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યારે ભગવાન સૂર્યનારાયણ કન્યા રાશિમાં આવે છે ત્યારે પિતૃ લોક પૃથ્વીલોકની સૌથી વધારે નજીક આવે છે. શ્રાદ્ધનો અર્થ પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા ભાવ વ્યક્ત કરવાનો છે. જે મનુષ્ય સદગત સ્વજનની તિથિના દિવસે પોતાની શક્તિ અને સામર્થ્ય પ્રમાણે ફળફૂલ, અન્ન, મિષ્ટાન વગેરેથી બ્રાહ્મણને ભોજન કરાવે, ગાય, શ્વાન, કાગડા અને કીડીઓને ખવડાવે તેના પર પિતૃ દેવતાઓ પ્રસન્ન થઈ આર્શીવાદ આપીને જાય છે.

પિતૃઓને ઉદેશીને બે તિથિઓ શ્રાદ્ધ કરવામાં આવે છે જેમાં પ્રથમ તેમની મૃત્યુતિથિએ તથા બીજું શ્રાદ્ધ પક્ષમાં જે દિવસે તેમનું નિધન થયું હોય તે તિથિના દિવસે.

ધર્મગ્રંથો અનુસાર ભાદરવા વદમાં શ્રાદ્ધ પક્ષના ૧૬ દિવસોમાં લોકો પોતાના પિતૃ દેવતાને સંતુષ્ટ કરવા શ્રાદ્ધ કરે છે. એવી માન્યતા છે કે શ્રાદ્ધ દ્વારા પિતૃઓનું ઋણ ઉતારી શકાય છે. વર્ષના કોઈપણ માસ અને તિથિમાં સ્વર્ગસ્થ થયેલ ને ઉદેશીને ભાદરવા કૃષ્ણ પક્ષમાં કે જેને પિતૃ પક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે તેમાં તિથિ પ્રમાણે શ્રાદ્ધ કરી શકાય છે.

પિતૃ પક્ષમાં શ્રાદ્ધ કરવાથી પિતૃગણ વર્ષભર પ્રસન્ન રહે છે. ધાર્મિક ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે કે આ શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરનાર ગૃહસ્થ દીર્ઘાયુ, પુત્ર-પૌત્રાદી, સ્વર્ગ, બળ, લક્ષ્મી, યશ, પુષ્ટિ, પશુ, ઐશ્વર્ય, સુખ- સાધન અને ધન-ધાન્ય વગેરે પ્રાપ્ત કરે છે.

શ્રાદ્ધમાં પિતૃઓને અપેક્ષા રહે છે કે અમારા ઉત્તરાધિકારીઓ અમને શ્રાદ્ધ દ્વારા સંતુષ્ટ કરશે. એ આશાએ તેઓ પિતૃલોકથી પૃથ્વીલોક પર આવે છે. આજ મુખ્ય કારણ છે કે સનાતન ધર્મશાસ્ત્રોમાં પ્રત્યેક સનાતની ગ્રહસ્થને પિતૃપક્ષ માં શ્રાદ્ધ કરવાની આજ્ઞા આપવામાં આવી છે. શ્રાદ્ધ એ પિતૃ ઋણમાંથી મુક્તિ મેળવવાનું માધ્યમ છે. શ્રાધ પિતૃઓની સંતુષ્ટી માટે કરવું અત્યંત આવશ્યક છે. મહર્ષિ સુમંતુ ના કહેવા પ્રમાણે શ્રાદ્ધ કરનારનું સર્વાંગી કલ્યાણ થાય છે.

માર્કેડ્ય પુરા અનુસાર શ્રાદ્ધથી સંતુષ્ટ થઈને પિતૃઓ શ્રાદ્ધ કરતા અને તેના પરિવારને દીર્ઘાયુ, ધન, સંપત્તિ, ઐશ્વર્ય, વિદ્યા, બળ આપે છે અને મરણોપરાંત સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. અત્રિ સંહિતા માં કહેલું છે કે, શ્રાદ્ધ કરનારનું સદાય કલ્યાણ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જો શ્રાદ્ધ કરવામાં ના આવે તો પિતૃ દેવતાઓ ખૂબ જ દુઃખી અને વ્યથિત થાય છે. બ્રહ્મ પુરાણમાં એમ કહેલું છે કે, જે ગ્રહસ્થ દ્વારા પિતૃને ઉદેશીને શ્રાદ્ધ કરવામાં આવતું નથી, તેને પિતૃઓ શાપ આપી તેને કષ્ટ આપે છે. જેના કારણે તે વંશહીન, જીવનભર કષ્ટ ભોગવનાર, સદાય બીમારીથી યુક્ત રહે છે.

-દેવેન કનકચન્દ્ર વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

**તા.૦૨-૧૦-૨૦૨૩ થી ૦૮-૧૦-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય**

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિનો લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શક્શો.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શકય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સાંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરાપાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનાવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નાહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બનો પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યોઅંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

કાર્યની અધિકતાનો કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સાફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

### સૌરાષ્ટ્રભરમાં ૧,૨૫,૦૦૦ દિપ પ્રગટાવી મા ઉમિયાના ૧૨૫માં પ્રાગટયદિનને વધાવ્યો

# ઉમિયાના ધામમાં દિવડાનો ઝગમગાટ સાથે માતાજીની ભવ્ય મહાઆરતી યોજાઈ




રાજકોટતા. ૨

વેણુ નદીના કાંઠે મા ઉમિયાના સાનીધ્યમાં સિદસરના આંગણે આયોજીત ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિવસે ભાદરવી પુનમે આદ્યશકિત મા ઉમિયાના ૧૨૫ માં પ્રગટય દિને માના ચરણોમાં શિશ ઝુકાવી માતાજીની પૂજન આરતી માટે કડવા પાટીદાર ભાઈઓ બહેનો વિશાળ સંખ્યામાં ઉમિયાધામ સિદસર પહોંચ્યા હતા. સૌરાષ્ટભર માંથી પદયાત્રીકોના સંઘ સિદસર પહોંચી ૧૧ કુંડી મહાયજ્ઞનો લ્હાવો લીધો હતો. મહોત્સવના પ્રથમ દિવસે સિદસરમાં ભાવીકોનો પ્રવાહ ઉમટી પડયો હતો.

**એક દિવડો હું પણ પ્રગટાવું... ૧,૨૫,૦૦૦ હજાર દિપ પ્રગટાવીને માતાજીની ભવ્ય આરતી**

ભાદરવી સુદ પૂનમે સૌરાષ્ટ-ગુજરાતના તમામ કડવા પાટીદાર પરિવારોએ ઘરે ઘરે સાંજે ૭:૧૫ કલાકે એક સાથે એક સમયે મા ઉમિયાની દિપ પ્રગટાવી માની સંધ્યા આરતી કરી હતી. જગત જનની કુળદેવી મા ઉમિયાના ૧૨૫ મા પ્રાગટય દિનને સવા લાખ (૧,૨૫,૦૦૦) દિપ પ્રગટાવી અનેરા ઉત્સાહ સાથે વધાવ્યો હતો. કડવા પાટીદાર પરિવારોએ ખીર તેમજ લાપસી પ્રસાદ રૂપે રાંધી ગ્રહણ કરી હતી. કડવા પાટીદારોની ભકિત અને આસ્થાનું કેન્દ્ર મા ઉમિયાના આંગણે પાવનભૂમી ઉમિયાધામ સિદસર દિવડાઓથી ઝળહળીત થઈ ઉઠયું હતું. સવા લાખ દિપ પ્રગટાવી શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, મેનેજીંગટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદીશભાઈ કોટડીયા, રમેશભાઈ રાણીપા, કૌશીકભાઈ રાબડીયા, રમણીકભાઈ ભાલોડીયા, ભૂપતભાઈ ભાયાણી તથા મહાનુભાવોની ઉપસ્થિતીમાં માતાજીની ભવ્યાતીભવ્ય સંધ્યા આરતી કરવામાં આવી હતી. માતાજીના જયઘોષ સાથે સમગ્ર મંદિર પટ્ટાંગણમાં અનેરૂ ભકિતસભર વાતાવરણ નિર્માણ પામ્યુ હતું.

**સૌરાષ્ટ્રભરના વિવિધ ગરબા મંડળો શૈક્ષણિક સંકુલની બાળાઓ વચ્ચે જામતી ગરબા સ્પર્ધા**

ત્રિદિવસીય 'બિલ્વપત્રાવ મહોત્સવમાં તા. ૩૦ને શનિવારના રોજ સવારે ૮ થી બપોરે ૧૨:૩૦ કલાકે સૌરાષ્ટ્રના વિવિધ તાલુકાઓ શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારના ગરબા મંડળો વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનમાંથી ૧૪ અને ગુજરાત ઝોનમાંથી ૪ ગરબા ગ્રુપ મળી કુલ ૧૮ રાસ ગરબા પ્રદર્શન વચ્ચે સ્પર્ધા યોજાઈ. તેમજ સૌરાષ્ટ્રભરના પાટીદાર શૈક્ષણિક સંકુલોની બાળાઓ વચ્ચે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૮ ગ્રુપ વચ્ચે ગરબા સ્પર્ધા રાખવામાં આવી હતી. વિજેતા ગ્રુપને ઈનામ આપી સન્માનીત કરવામાં આવી તેમજ ભાગ લેનાર તમામ ગ્રુપને તથા તમામ બહેનોને બાળ ઉછેર તથા પરેન્ટીંગની બુક ઉમિયાધામ સિદસર દ્વારા ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. બાળાઓ દ્વારા વિવિધ રાસ ગરબા પ્રદર્શનોએ દર્શકોનું મનોરંજન કર્યુ હતુ. બહોળી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ તાલીઓના ગડગડાતથી ગરબા સ્પર્ધકોને વધાવ્યા હતા.

બિલ્વપત્ર મહોત્સવમાં યોજાનાર રાસગરબા સ્પર્ધાનું ઉમા ભવન કન્યા છાત્રાલય-ટંકારાની બાળાઓ દ્વારા ગણેશ સ્તૃતી કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આમંત્રીત મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યુ હતુ. ઉમિયા મહિ,।સંગઠન સમિતિ સિદસર ના મહામંત્રી કાજ,બેન સીતાપરા એ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. તેમજ ઉમિયા મહિ,। સંગઠન ગુજરાત ઝોનના પ્રમુખ જયશ્રીબેન ટીલવાએ આભાર દર્શન કર્યુહતુ. ઉમિયા મહિલા સંગઠન સમિતિના સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ સરોજબેન મારડીયાએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યુ હતુ. ઉપસ્થિત મહાનુભાવો, રાસ ગરબા સ્પર્ધકો, દર્શકો, તથા મહિલા સંગઠન સમિતિના બહેનોએ સામુહિક રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

**મહિલા ઉત્પાદકો દ્વારા આયોજીત પ્રદર્શન સ્ટોલમાં જામતી ભીડ**

ઉમિયા પરિવાર મહિલા સંગઠન દ્વારા મહિલાઓને રોજગારીની તક મળે તે ઉદેશ્ય સાથે વિવિધ વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સૌરાષ્ટ્રભરની મહિલા ઉત્પાદકો અને મહિલા વેપારીઓ વિવિધ ઉત્પાદનો, વસ્તુઓ જેવી કે કિચન વેર, લેડીઝ વેર, ચિલ્ડ્રન વેર, પર્સ, ગૃહ સુશોભનની વસ્તુઓ, આર્યુવેદીક દવાઓ, હોમ ડેકોર, ગોબર પ્રોડકટ, ઓર્ગેનીક દવાઓ, મધ, મુખવાસ, રમકડા, વુડન આઈટમ, કોસ્મેટીક જેવી અનેકવિધ વસ્તુઓ ભાવિકો માટે પ્રદર્શન કમ વેચાણ માટે ખુલ્લી મુકવામાં આવી છે. આત્રિદિવસીય મહોત્સવમાં મા ઉમિયાના ૧૨૫ માં પ્રાગટયોત્સવને ધ્યાને રાખી વિવિધ પ્રોડકટના ૧૨૫ સ્ટોલમાં મહિલાઓ દ્વારા નિર્મિત અને મહિલાઓ દ્વારા સંચાલીત આ પ્રદર્શનમાં વસ્તુઓની ખરીદી કરવા લોકોની ભીડ જામી હતી.

## બાપા સીતારામ ગૌસેવા સમાજ દોલતપરાની સેવાકીય કામગીરી



જૂનાગઢતા. ૨

બાપા સીતારામ ગૌસેવા સમાજ જૂનાગઢ દ્વારા વિવિધ સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. દોલતપરા વિસ્તાર તથા આજુબાજુના વિસ્તારમાં ગાયો માટે ઘાસ તથા કબુતર માટે ચણ, કુતરા માટે રોટલા, અબોલ પશુ-પંખીની સેવા ૧૯૯૭થી સેવારત ચાલુ છે. આ વર્ષ ૨૦૨૩ માં બાપા સીતારામ ગૌસેવા તથા ભરતભાઈ ફળદુ, ગીરીશભાઈ, દોલતપરા વિસ્તારના તમામ કારખાનાના માલિકના સહયોગથી નાના પશુ-પંખીને પાણી પીવા માટે નાની ૬૦૦ કુંડી દોલતપરા વિસ્તારમાં ઘરે ઘરે જઈને આપવામાં આવે છે. જીવદયા પ્રેમી રમેશભાઈ બાબરદ્વારા ૧૯૯૭ થી આ સેવા દરરોજ -કાયમ માટે ચાલુ છે. આ અબોલ પશુ-પંખીના અન્નક્ષેત્રમાં જૈન સમાજ, પટેલ સમાજ તથા સર્વે સમાજના સહયોગથી સેવા કરવામાં આવે છે. આ સેવા કાર્યની નોંધ દોલતપરા વિસ્તારના કોર્પોરેટર ભાઈ અશોકભાઈ ચાવડા, જૂનાગઢના ધારાસભ્યએ પણ નોંધલીધી છે અને બાપા સીતારામ ગૌસેવા દોલતપરાને અભિનંદન પાઠવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## દેશમાં ૪૦થી ૭૦ ટકા દર્દી પર એન્ટિબાયોટિક્સ કામ નથી કરતી

### ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રિસર્ચના રિપોર્ટમાં ખુલાસો

નવી દિલ્હી, તા.૨

ભારતમાં એન્ટીબાયોટિક દવાઓ બેઅસર થવામાં ઝડપી વૃદ્ધિ થઈ રહી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રિસર્ચ (આઈસીએમઆર)ના તાજેતરના રિપોર્ટ મુજબ, ભારતમાં છેલ્લા ૫ વર્ષમાં દર્દીઓએ એન્ટીબાયોટિક દવા લીધા બાદ તેની કોઈ અસર ન થઈ હોવાની સંખ્યામાં વધારો છે. વિવિધ હોસ્પિટલોના અભ્યાસ મુજબ ૪૦થી ૭૦ ટકા દર્દીઓપર એન્ટિબાયોટિક દવાઓ કામ કરી રહી નથી... ગંભીર ઈન્ફેક્શના સારવારમાં ઉપયોગી એન્ટિબાયોટિક દવાઓ કેમ કામ કરી રહી નથી... જો ડૉક્ટરો વિચાર્યા વગર એન્ટિબાયોટિક દવાઓ લખતા રહેશે અને દર્દીઓ ડોક્ટરની સલાહ વગર આવી દવાઓ ખાતા રહે તો ગંભીર પરિણામો સર્જાઈ શકે છે... એન્ટિબાયોટિક દવાઓ મામલો ભારતીયો સાથે આવું જ થઈ રહ્યું છે. ભારતની સૌથી મોટી મેડિકલ રિસર્ચ સંસ્થાએ દેશની ૨૧ હોસ્પિટલોમાંથી ગત વર્ષે જાન્યુઆરીથી લઈને ડિસેમ્બર સુધીનો ડેટા મેળવ્યો છે. આ હોસ્પિટલોમાં આઈસીયુમાં દાખલ દર્દીઓના એક લાખ સેમ્પલ એકત્ર કરાતા હતા. આ સેમ્પલોની તપાસ કર્યા બાદ ૧૭૪૭ પ્રકારના ઈન્ફેક્શનવાળા બેક્ટરેયા મળ્યા, જેમાંથી ઈ કોલાઈ બેક્ટેરિયા અને ક્લૈબસેલા નિમોનિયાના બેક્ટેરિયા સૌથી વધુ જિદ્દી થયા છે... આ બેક્ટેરિયાના શિકાર દર્દીઓએ એન્ટિબાયોટિક દવાઓ ખાધી, પરંતુ તે દવા કોઈપણ પ્રકારે કામમાં આવી નથી. ૨૦૧૭માં ઈ કોલાઈ બેક્ટેરિયાના શિકાર ૧૦માંથી ૮ દર્દીઓને જ્યારે ૨૦૨૨માં ૧૦માંથી માત્ર ૬ દર્દીઓને એન્ટિબાયોટિક દવા ઉપયોગી નિવળી હતી. ઉપરાંત ૨૦૧૭માં ક્લૈબસેલા નિમોનિયા ઈન્ફેક્શનથી પીડિત ૧૦માંથી ૬ દર્દીઓ અને ૨૦૨૨માં ૧૦માંથી માત્ર ૪ દર્દીઓને દવા ઉપયોગી નિવળી હતી. ઈન્ફેક્શન દર્દીઓના બ્લડ સુધી પહોંચી તેમને વધુ બીમાર કરી રહ્યું છે. ઉલ્લેખનિય છે કે, આઈસીએમઆરે એન્ટિબાયોટિક દવાઓના યોગ્ય ઉપયોગ માટે ગત વર્ષે નવેમ્બરમાં ગાઈડલાઈન્સ બહાર પાડી હતી. ઉલ્લેખનિય છે કે, ગત વર્ષે આઈસીએમ આરે દિશા નિર્દેશ જારી કરી લોકોને ઓછા તાવ અથવા વાયરલ બ્રોંકાઈટિસ જેવી બીમારીઓ માટે એન્ટીબાયોટિકનો ઉપયોગ નહીં કરવા જણાવ્યું હતુ અને ડોક્ટરોને આ દવાઓનું પ્રિસ્કિપશન લખતી વખતે સમય મર્યાદાનું ધ્યાન રાખવાની સલાહ આપી ગતી. આઈસીએમઆરના દિશાનિર્દેશોમાં જણાવવામાં આવ્યું છે કે ચામડી અને સોફ્ટ ટિસ્યુ ઈન્ફેકશન માટે પાંચ દિવસ અને હોસ્પિટલમાં ન્યૂમોનિયા માટે આઠ દિવસ સુધી એન્ટિબાયોટિક આપવી જોઈએ. દિશા-નિર્દેશોમાં જણાવવામાં આવ્યું હતું કે, ક્લિનિકલ નિદાન અને રોગના લક્ષણોનું કારણ બનનારા રોગજનકો અંગે જાણકારી મેળવવામાં મદદ કરે છે. આનાથી સંક્રમણનું નિદાન કરવા માટે તાવ, પ્રોકેલ્સીટોનિન સ્તર, ડબ્લ્યુબીસી ગણના, કલ્ચર અથવા રેડિયોલોજી પર આંખ બંધ કરીને વિશ્વાસ કરવાને બદલે એન્ટિબાયોટિક યોગ્ય માત્રા તૈયાર કરવામાં મદદ મળશે. આઈસીએમઆરએ ગંભીર રીતે બિમાર રોગીઓ માટે અનુભવસિદ્ધ એન્ટીબા યોટિક સારવારને સીમિત કરવાની સલાહ આપી હતી. આઈસીએમ આરદ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ ભારતમાં મોટી સંખ્યામાં હવે રોગીઓ માટે કાર્બાપેનમ એન્ટિબાયોટિક ઉપયોગી સાબિત થઈ રહી નથી અને તેમના પર આ દવાની કોઈ અસર થઈ રહી નથી.

## મહિલા અનામત બિલ બન્યો કાયદો

### મહિલા અનામત બિલને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આપી દીધી મંજૂરી

નવીદિલ્હી, તા.૨

મહિલા અનામત બિલ (નારી શકિત વંદન અધિનિયમ)ને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી છે. આ બિલ ૨૦ સપ્ટેમ્બરે લોકસભા અને ૨૧ સપ્ટેમ્બરે રાજ્યસભામાં પસાર થયું હતું. કોઈ બિલ સંસદના બંને ગૃહમાં પાસ થયા બાદ તેને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે, જેથી તે કાયદો બની શકે. આ કાયદો લાગૂ થવા પર લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળશે. બિલના સંસદમાં પાસ થવા પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું હતું કે આ લૈંગિક ન્યાય માટે આપણા સમયની સૌથી પરિવર્તનકારી ક્રાંતિ હશે. સરકારે તાજેતરમાં ૧૮થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું હતું. આ દરમિયાન બે ઐતિહાસિક કામ થયા. એક જૂના સંસદ ભવનથી કામકાજ સંસદની નવી ઈમારતમાં શિફ્ટ કરવામાં આવ્યું અને બીજું બંને ગૃહમાં મહિલા અનામત બિલ પાસ થયું. સરકારે નારિ શકિત વંદન અધિનિયમ બિલના નામથી મહિલા અનામત બિલને ૧૯ સપ્ટેમ્બરે લોકસભામાં રજૂ કર્યું હતું. સંસદમાં બે દિવસ ચર્ચા ચાલી હતી. મહિલા અનામત બિલ સંસદના બંને ગૃહમાં પસાર થયું હતું મોટા ભાગની પાર્ટીઓએ તેનું સમર્થન કર્યું હતું. ૨૦ સપ્ટેમ્બરે લોક સભામાં આ બિલના પક્ષમાં ૪૫૪ મત પડ્યા અને બે મત વિરોધમાં પડ્યા હતા. લોકસભામાં બે તૃતિયાંશ બહુમતીથી આ બિલ પસાર થયું હતું. ત્યારબાદ સરકારે ૨૧ સપ્ટેમ્બરે આ બિલને રાજ્યસભામાં રજૂ કર્યું હતું, જ્યાં બિલના સમર્થનમાં ૨૧૪ મત પડ્યા હતા. ઘણા વિપક્ષી દળોએ આ બિલનું સમર્થન કર્યું પરંતુ તેને લાગૂ કરવા માટે નક્કી કરવામાં આવેલી જોગવાઈને લઈને સરકારની ટીકા કરી હતી. આ બિલની જોગવાઈ કહે છે કે જનગણના અને પરિસીમન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને લાગૂ કરવામાં આવશે. એટલે કે આ બિલ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં લાગૂ થઈ શકશે નહીં.

### કોર્ટના ચુકાદા અન્વયે બીલ બનાવવા માર્ગદર્શન અંગે

## જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘની મીટીંગ મળશે

જૂનાગઢતા. ૨

જૂનાગઢ (સોરઠ) જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘની યાદી જણાવે છે કે, જેની ઈન્ક્રી તા.૧ જુનથી ૩૦ જુન હોય તેને આ ઈજાફો મળવા પાત્ર થાય છે જે કોર્ટમાં ગયેલા કર્મચારીઓને આ ચુકાદા અન્વયે રકમ મેળવવા બીલ બનાવવા અંગે માર્ગદર્શન માટે તા.૯-૧૦-૨૩ ને સોમવારે બપોરે ૩ કલાકે એક મીટીંગ જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘ કાર્યાલયે જીતેન્દ્ર પાર્ક, સિધ્ધનાથ મહાદેવ પાસે, ઝાંઝરડા રોડ જૂનાગઢ ખાતે મળશે. તો આવા કોર્ટમાં ગયેલા કર્મચારીઓનો ચુકાદા અન્વયે શિક્ષક/કર્મચારીએ બીલ મેળવવા કાર્યવાહી કરવાની હોય જેથી હાજરી આપવા યાદીમાં અનુરોધ કરેલ છે. તેમજ તમામ ઘટક સંઘના પ્રમુખશ્રી, મંત્રીશ્રીઓને પણ હાજરી આપવા જણાવાયું છે.

## અમેરિકામાં કંઈક ઘાતક થઈ રહ્યું છે જે લોકશાહી માટે ખતરો છે

### દેશમાં એક કટ્ટરપંથી અભિયાન ચલાવાઈ રહ્યું છે જે લોકશાહીને અનુરૂપ ન હોવાનું અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું



વોશિંગ્ટન, તા.૨

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેને તેમના હરીફ અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ગંભીર આરોપો મૂક્યા છે. તેમણે કહ્યું કે અમેરિકામાં કંઈક અત્યંત ઘાતક થઈ રહ્યું છે જે દેશના લોકતંત્ર સામે ગંભીર ખતરો પેદા કરશે. અમેરિકામાં આગામી વર્ષે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પની દાવેદારી સતત મજબૂત થઈ રહી છે અને એવું મનાય છે કે બાયડેનનું તાજેતરનું નિવેદન એ જ સંદર્ભમાં આવ્યું છે. જો બાયડેને અમેરિકી રાજ્ય એરિઝોનામાં એક સંબોધનમાં કહ્યું હતું કે અમેરિકામાં કંઈક અત્યંત ઘાતક થઈ રહ્યું છે, દેશમાં એક કટ્ટરપંથી અભિયાન ચલાવાઈ રહ્યું છે જે લોકશાહીને અનુરૂપ નથી. બાયડેને કહ્યું કે આપણે સૌએ યાદ રાખવું જોઈએ કે લોકશાહીને હથિયારોના જોરે ખતમ નહીં કરી શકાય પણ તે ત્યારે જ ખતમ થઈ શકે છે જ્યારે લોકો ચુપ રહે અને મજબૂતાઈથી પડકારોનો સામનો ન કરે. વિપક્ષી દળ રિપબ્લિકન સામે નિશાન તાકતાં બાયડેને કહ્યું કે રિપબ્લિકન પાર્ટીનું આજે મેગામૂવમેન્ટના કટ્ટરપંથી સમર્થકો દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે. કટ્ટરપંથીઓનો એજન્ડા, અમેરિકાના લોકતાંત્રિક સંસ્થાનોમાં બદલાવ લાવવાનો છે. ઉલ્લેખનીય છે કે મેગામૂવમેન્ટ ટ્રમ્પના ચૂંટણી નારા મેક અમેરિકા, ગ્રેન અગેનનું નાનું સ્વરૂપ છે. બાયડેને કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ અંગત રીતે શક્તિશાળી બનાવાની ઈચ્છા ધરાવે છે અને તેમને લોકશાહીના સિદ્ધાંતો અને મૂલ્યોમાં વિશ્વાસ નથી. બાયડેને પૂર્વ રાષ્ટ્રપતિ સામે ગંભીર આક્ષેપ બાયડેને મેક અમેરિકા ગ્રેટ અભિયાનને દેશની રાજકીય વ્યવસ્થા માટે ગંભીર ખતરો ગણાવ્યો છે.

## માંગરોળ : પી.એચડી. થયા



(પ્રતિનિધિ દ્વારા) માંગરોળ, તા.૨

માંગરોળના પત્રકાર મર્હુમ ઈરફાનબાપુ કાદરીના પુત્ર સૈયદ અરફાત ઈરફાન કાદરીએ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના અધ્યક્ષ ડો. ફીરોઝ એ. શેખના માર્ગદર્શન હેઠળ પોસ્ટ કોલોનીઅલ ઈન્ડિયન ઈંગ્લિશ નોવેલ્સ : એ ગ્રિન સ્ટડી વિષય ઉપર પી.એચડી. કરી શહેર અને પરિવારનું નામ રોશન કર્યુ છે. અગાઉ રાષ્ટ્રીયકક્ષાની યુજીસી, એનઈટી પરીક્ષા પણ પાસ કરી છે.






# ઐતિહાસિક ઉપરકોટ જાહેર જનતા માટે આજે બંધ : આવતીકાલે ખુલ્લો મુકાશે

## છેલ્લા ત્રણ દિવસમાં ઉપરકોટનો નજારો નિહાળવા જૂનાગઢ શહેર તેમજ જીલ્લાભરના લોકો ઉમટી પડયા, ભારે ઘસારાની સ્થિતીને પહોંચી વળવા નિર્ણય લેવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢની શાન એવા ઐતિહાસિક ઉપરકોટનો ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લો મુકાયા બાદ જૂનાગઢને નવલા નજરાણાની ભેટ મળી છે અને સત્તાવાર રીતે જાહેર થયેલા કાર્યક્રમ મુજબ ૨૯ તારીખથી જાહેર જનતા માટે વિનામુલ્યેઉપરકોટની મુલાકાત શકય બનાવી હતી અને જેને પગલે જૂનાગઢ શહેર અને જીલ્લાભરનાં લોકોનો ખુબ જ ઘસારો થયો હતો અને લોકોનો મહાસાગર છલકાયો હતો. જે કોઈ લોકો ઉપરકોટનો નવલો નજરાણું નિહાળી બહાર આવે તેમના મુખ ઉપર સંતુષ્ટીના ભાવ અને આનંદ છવાયેલો રહ્યો હતો. મુલાકાત લેનાર પ્રત્યેક વ્યકિત ઉપરકોટના નવલા નજરાણાના મોફાટ વખાણ કરી રહ્યા હતા અને અદભુત, અદિત્ય અને ખુબ જ આનંદીત થયા હોય તેવો ભાવ વ્યકત કર્યો હતો. ૨૯ તારીખે ઉપરકોટના કિલ્લાની હજારો લોકોએ મુલાકાત લીધી હતી. પરંતુ તા.૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓકટોબરના રોજ ભારે માનવ મેદની ઉમટી પડી હતી અને એક તકે તો પરિસ્થિતિ વણસી જાય એ હદે ઘસારો બેકાબુ બન્યો હતો. આ દરમ્યાન ઉપરકોટ મેનેજમેન્ટ સમિતિએ તાત્કાલીક સીકયુરીટી ફોર્સ વધારી દીધો હતો. એટલું જ નહી જીલ્લા વહિવટી તંત્ર તેમજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી હિતેશ ધાંધલીયા અને પોલીસ વિભાગની વિવિધ ટીમોને પણ તાત્કાલીક અસરથી તૈનાત કરી દેવામાં આવી હતી અને કુનેહભરી કામગીરીના અંતે લોકોને સમજાવી તેઓનો ઉપરકોટમાંથી સલામત રીતે બહાર મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ એક ઈમરજન્સી બેઠક મળી હતી અને સર્વાનુમતે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે હાલની પરિસ્થિતિ જોતા ઉપરકોટને ગઈકાલે બપોરના ૩ વાગ્યાથી અને આજે બીજી ઓકટોબરના દિવસે પ્રવાસી જનતા માટે બંધ કરી દેવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને આગવી વ્યવસ્થા ગોઠવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગઈકાલે ઉપરકોટ ખાતે સવારના ૧૨ વાગ્યા પહેલા ૨૦,૦૦૦થી પણ વધુ માણસો ઉપરકોટને નિહાળવા માટે આવતા એકદમ જ સંખ્યા વધવા પામેલ જેના કારણે ઉપરકોટ પ્રવેશ દ્વાર ખાતે ગંભીર પરિસ્થિતિ પેદા થયેલ જે પરિસ્થિતિનો ખ્યાલ જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાને આવતા તાત્કાલિક વધારાનો ફોર્સ તેમજ બ્રાન્ચના અધિકારીઓને બોલાવી જાતેથી પ્રવેશ દ્વાર ઉપર થયેલ અફરા તફરીના માહોલને તાત્કાલિક અસરથી કંટ્રોલ કરી પરિસ્થિતિને કાબુ કરવામાં આવેલ જેના કારણે મોટો અકસ્માત થતાં અટકાવવામાં આવેલ. તેમજ આવનાર દિવસોમાં આવા બનાવ ન બને તે માટે આગોતરા આયોજન માટે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી. આજે ૨ બીજી ઓકટોબરના દિવસે પણ સારી વ્યવસ્થા ગોઠવી શકાય તેના ભાગરૂપે ઉપરકોટને પ્રવાસી દર્શન માટે બંધ રાખવામાં આવેલ છે અને આવતીકાલે એટલે કે ૩ ઓકટોબરના રોજ જનતા દર્શન માટે ઉપરકોટનો ખુલ્લો રાખવામાં આવશે અને નિયત ફીના દર લાગુ કરવામાં આવશે તેમ આધારભુત રીતે જાણવા મળે છે.

## ઉપરકોટમાં પ્રવેશ માટે જૂનાગઢની જનતાને પરવડે તેવા ટીકીટનાં ભાવ રાખવા જોઈએ : પ્રજાનાં પ્રતિનિધિઓ ધ્યાન આપે

જૂનાગઢ તા. ૨

રૂા. ૭૪ કરોડનાં ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યા બાદ ઉપરકોટનો કિલ્લાનાં દ્વાર જાહેર જનતા માટે ચાર દિવસ માટે ખુલ્લા મુકવામાં આવ્યા બાદ ચાર દિવસ માટે વિનામૂલ્યે પ્રવેશની જાહેરાત થતાં જ પ્રથમ દિવસે ૭૦૦૦, બીજા દિવસે ૧૨૦૦૦ અને રવિવારે સવારે ૨૦,૦૦૦ લોકો કિલ્લાની મુલાકાત લેવા પહોંચી જતાં અંધાધુંધી સર્જાઈ ગઈ હતી. કિલ્લાની પ્રવેશ ક્ષમતા કરતા હજારો લોકો વધુ ઉમટી પડતા તાત્કાલીક પોલીસ બોલાવવી પડી હતી અને પોલીસને પણ એક તબક્કે કલાઉડ મેનેજમેન્ટ કરવામાં પરસેવો વળી ગયો હતો. સવાલ એ છે કે, આવી પરિસ્થિતિ સર્જાઈ કેમ ? તેનું મુખ્ય કારણ એ છે કે, ઉપરકોટનાં કિલ્લામાં પ્રવેશ માટે રૂા.૧૦૦ની ટીકીટ રાખવામાં આવી છે જે જૂનાગઢની સામાન્ય જનતાને પોષાય તેમ નથી તેથી વિનામૂલ્યે સ્કીમનો લાભ લેવા માટે શહેરની જનતાએ દોટ મુકી હતી અને પરીણામે જગમાલ ચોકથી લઈ ઉપરકોટ સુધી માનવ કીડીયારૂ ઉભરાયું હતું. જો પોલીસ તંત્રએ સમયસર દરમ્યાનગીરી ન કરી હોત તો મોટી દુર્ઘટના સર્જાવાનો ભય હતો પરંતુ ખાસ તો વહીવટી તંત્રએ એ બાબતની ગંભીર નોંધ લેવી જોઈએ કે, સ્થાનીક જૂનાગઢની જનતાનો તેની ધરોહર ઉપર પ્રથમ અધિકાર છે ત્યારે જૂનાગઢનાં લોકો માટે ખૂબજ નોમીનલ ચાર્જથી પ્રવેશ આપવો જોઈએ તે જ સમયની માંગ છે. ઉંચી ટીકીટ કોઈને પણ પોષાય તેવી નથી ત્યારે જૂનાગઢનાં ધારાસભ્ય અને સત્તા પક્ષનાં પદાધિકારીઓએ પ્રજાનાં હિતમાં યોગ્ય નિર્ણય થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ અને લોકોને પોષાય તેવી ટીકીટ રાખવી જોઈએ.

**મેનેજમેન્ટનાં પ્રતિભાવ**

આધારભુત સુત્રોનાં જણાવ્યા મુજબ મેનેજમેન્ટ દ્વારા આ દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને જૂનાગઢનાં લોકો માટે ઉપરકોટમાં પ્રવેશ માટે રાહતદરની ટીકીટ જાહેર કરવામાં આવશે તેવા સંકેતો મળી રહયા છે.

## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ભાવભેર ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ આજે તા.૨ ઓકટોબર ગાંધી જયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જૂનાગઢ ગાંધી ચોક ખાતે આવેલા રાષ્ટ્રપિતા ગાંધીજીની પ્રતિમાને સુતરની આટી, પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી રહી છે.

આજે જૂનાગઢ શહેરમાં અનેકવિધ જગ્યાએ રાજકીય પક્ષો, સામાજીક સંસ્થાઓ વિગેરે દ્વારા ગાંધી જયંતિના દિવસે શ્રધ્ધા સુમનના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.















મહાત્મા ગાંધીજીને જન્મજયંતી નિમિત્તે શત્ શત્ નમન




મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની**

ઉપસ્થિતિમાં

રાષ્ટ્રપિતા **પૂજ્ય મહાત્મા ગાંધીજી**ની જન્મજયંતીના અવસરે

**સર્વધર્મ પ્રાર્થનાસભા**

**૨ ઓક્ટોબર, ૨૦૨૩ સોમવાર**

**સ્થળ:** કીર્તિ મંદિર, પોરબંદર

**ગાંધી જયંતી અવસરે** તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી

ગુજરાતમાં ઉત્પાદિત **ખાદી** અને **પોલીવસ્ત્રના વેચાણ પર ૨૦%** ખાસ વળતર અપાશે. ખાદી ગ્રામોદ્યોગ સાથે જોડાયેલાં પરિવારોને મળશે સતત રોજગારી